સત્યમેવ જયતે

આંક :-

દાવા પ્રાપ્તિ તારીખ :	૨૨/૦૭/૨૦૨૫		
દાવા દાખલ તારીખ :	૨૨/૦૭/૨૦૨૫		
દાવા નિર્ણિત તારીખ :	૨૪/૦૭/૨૦૨૬		
અવધિ :	વર્ષ	માસ	દિવસ
	૦૧	૦૦	૦૨

જૂનાગઢના મહે. કોમર્શિયલ જજ અને મુખ્ય સિનિયર સિવિલ જજ સાહેબની અદાલત સમક્ષ, મુકામ - જૂનાગઢ.

<u>કોમર્શિયલ સ્યુટ નંબર : ૪૬/૨૦૨૫.</u>

નેચર ફુડઝના નામે ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો :

(૧) પુજાબેન વા/ઓ. સન્નીભાઇ દુવાણી,
ઉ.વ.આ. ૩૫, ધંધો-વેપાર તથા ઘરકામ,

(૨) રચનાબેન વા/ઓ. નકુલભાઇ પરીખ,
ઉ.વ.આ. ૩૧, ધંધો-વેપાર તથા ઘરકામ,

ઉપરોકત ભાગીદારો તથા પેઢી વતી પેઢીના
અધિકૃત મેનેજર/કુલમુખત્યાર
સન્ની વિક્રમભાઇ દુવાણી,
ઉ.વ.આ. પુખ્ત, ધર્મે-હિન્દુ,
ઠે. સર્વે નં.૮૭/૨, ધોરાજી રોડ, સુખપુર, જૂનાગઢ. <u>- વાદી.</u>

<u>વિરૂધ્ધ.</u>

(૧) ફુલેત્રા એગ્રો ફુડઝ
એ નામ અને સ્ટાઇલથી ચાલતી ભાગીદારી પેઢી

(૨) દિનેશભાઇ વલ્લભદાસ ફુલેત્રા,
તે ફુલેત્રા એગ્રો ફુડઝના ભાગીદાર,

(૩) જીજ્ઞેશકુમાર અશોકભાઇ ડઢાણીયા,
તે ફુલેત્રા એગ્રો ફુડઝના ભાગીદાર,

(૪) આત્મન રજનીકાંત ભેંસદડીયા,
તે ફુલેત્રા એગ્રો ફુડઝના ભાગીદાર,

૬૦૮, નક્ષત્ર હાઇટસ, રૈયા ટેલીફોન એક્ષ્ચેન્જ સામે,
૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. - પ્રતિવાદીઓ.

બાબત : રૂા.૨૦,૫૭,૨૨૩/- તથા ચડત વ્યાજ વસૂલ મળવા અંગે.

ધારાશાસ્ત્રી :	વાદી તરફે વિ.વકીલશ્રી બી. એન. ડોડીયા.
	પ્રતિવાદીઓ સામે એકતરફી.

-:: ઠ રા વ ::-

(૧) વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી જૂનાગઢ તાબાના સુખપુર મુકામે નેચર ફુડઝના નામે ભાગીદારો પેઢી ચલાવે છે, જેમાં કૃષિ જણસ, બીયારણ અને કૃષિ ઉત્પાદનોના ઉત્પાદન-ખરીદ-વેચાણ-પ્રોસેસ-લે-વેચ સહિતની પ્રવૃતિ કરવામાં આવે છે. પેઢીના ભાગીદારોએ સન્ની વિક્રમભાઇ દુવાણીની પેઢીના અધિકૃત મેનેજર તરીકે નિમણૂંક કરેલ છે અને મેનેજર તરીકેની ફરજમાં આવતા ખરીદી-વેચાણ-ઉઘરાણી-કાનૂની કાર્યવાહી સહિતની કાર્યવાહીઓ ફરજના ભાગ રૂપે કરી રહયા છે અને હાલની દાવા અરજીમાં સંદર્ભીત વ્યવહાર સંબંધે ભાગીદારી પેઢીના અધિકૃત મેનેજર

તરીકે વ્યવહારો કરેલા છે તેમજ પેઢીના ભાગીદારોએ અધિકૃત મેનેજર જોગ કુલમુખત્યારનામું પણ લખી આપેલ છે અને હકીકતે સન્રી વિક્રમભાઇ દુવાણી અધિકૃત મેનેજર હોવા ઉપરાંત વાદી પેઢીના કુલમુખત્યાર પણ છે. વાદી પેઢી જી.એસ.ટી. નં.૨૪એએપીએફએન૭૬૪૪ઇ૧ઝેડર થી ધરાવે છે તેમજ વાદી રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સમાં ફર્મ નં.જી.યુ.જે.આર.૨૦૪૧૬૪ થી નોંધાયેલ છે. આ કામના પ્રતિવાદી કુવાડવા ખાતે કુલેત્રા એગ્રો ફુડઝના નામે ભાગીદારી પેઢી ચલાવે છે. પ્રતિવાદી નં.૧ ભાગીદારી પેઢી છે જયારે પ્રતિવાદી નં.૨ થી ૪ ના સદરહુ ભાગીદારી પેઢીના ભાગીદારો છે તેમજ પ્રતિવાદી નં.૨ થી ૪ ના પ્રતિવાદી નં.૧ ની ભાગીદારી પેઢી વતી પેઢીના ભાગીદાર તરીકે પેઢીના રોજબરોજના ખરીદી-વેચાણના વ્યવહારો, લેવડ-દેવડના વ્યવહારો કરીને પેઢીના સક્રિય ભાગીદારો તરીકે કામગીરી કરી રહયા છે તેમજ પ્રતિવાદીની પેઢીમાં પણ કૃષિ જણસ અને ઉત્પાદનોનું ખરીદ-વેચાણ-પ્રોસેસ વિગેરે કરવામાં આવી રહેલ છે. રાધેશ્યામ બ્રોકર્સ દ્વારા વાદી તથા પ્રતિવાદીઓનો પરિચય થયેલો અને વ્યાપારીક કામકાજ આગળ વધેલું. વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે વેપારી વ્યવહારો છેલ્લા ત્રણેક વર્ષથી આવેલા છે. પ્રતિવાદીઓ વાદી પાસેથી કૃષિ જણસ-ઉત્પાદન-બીયારણની ખરીદીક કરતા આવ્યા છે અને સને ૨૦૨૦ થી સતત રીતે પ્રતિવાદીઓએ વાદી પાસેથી વખતોવખત કૃષિ જણસ-ઉત્પાદનોની ખરીદી કરેલ છે. પ્રતિવાદીઓએ ખરીદી કરતા પહેલા વેપારી શિરસ્તા મુજબ ઓર્ડર આપેલ છે અને ઓર્ડર મુજબનો માલ વાદીએ પ્રતિવાદીઓને વખતોવખત તેઓની સૂચના મુજબ ડીલીવર કરી-કરાવી આપેલ છે. પ્રતિવાદીઓ અને વાદી વચ્ચે ખરીદનાર-વેચનારના સંબંધો અસ્તિત્વમાં આવેલા છે. માલ ખરીદ કરતી વખતે પ્રતિવાદીઓએ વાદીને પાકો વિશ્વાસ, વચન અને ખાત્રી આપેલ હતા કે જે ઇન્ડસ્ટ્રીઝમાં વેપાર કરે છે તેના વેપારી શિરસ્તા મુજબ પ્રતિવાદીઓ માલ મળ્યેથી બને તેટલી વહેલીતકે વાદીને ખરીદ કિંમતની રકમ ચૂકવી આપશે જેથી વાદીએ તમામ પ્રતિવાદીઓ દ્વારા આપવામાં આવેલ વિશ્વાસ, વચન અને ખાત્રી ઉપર ભરોસો રાખીને પ્રતિવાદીઓને ઉધાર માલ આપેલો. પ્રતિવાદીઓ દ્વારા વાદીને શરૂઆતના તબકકે નિયમિત રીતે રકમ

પણ ચૂકવવામાં આવેલ અને તે હકીકતે પ્રતિવાદીઓએ વાદીનો વિશ્વાસ સંપાદન કરીને માલ ખરીદ કરવાનું ચાલુ રાખેલું. વાદીએ પણ વેપારી શિરસ્તા મુજબ તેઓના ચોપડે પ્રતિવાદીઓની પેઢીનું ખાતું નિભાવેલ છે અને વાદી પાસેથી ખરીદ કરેલ માલ અને પ્રતિવાદીઓએ ચૂકવેલ રકમની વિગતો ખાતાવહીમાં દર્શાવેલ છે અને તે જ રીતે પ્રતિવાદીઓ દ્વારા પણ થયેલ વ્યવહારોની નોંધ ખાતાવહીમાં કરવામાં આવેલ છે. પ્રતિવાદીઓએ વાદી પાસેથી ખરીદ કરેલ માલ/બીલની વિગતો નીચે મુજબ છે.

તારીખ	વાઉચર/બીલ નંબર	રકમ રૂપિયા
૦૫/૦૫/૨૦૨૦	જી/૦૧૭/૨૦-૨૧	૫,૨૦,૮૦૦/-
૧૪/૦૯/૨૦૨૦	જી/૧૪૧/૨૦-૨૧	૭,૯૨,૭૫૦/-
૧૫/૦૯/૨૦૨૦	જી/૧૪૬/૨૦-૨૧	૧૫,૮૫,૫૦૦/-
૦૩/૧૦/૨૦૨૦	જી/૧૭૦/૨૦-૨૧	૮,૮૨,૦૦૦/-
૧૨/૧૦/૨૦૨૦	જી/૧૮૨/૨૦-૨૧	૫,૮૨૪/-
૦૬/૦૬/૨૦૨૧	જી/૦૪૨/૨૧-૨૨	૩,૭૯,૬૮૦/-
૦૩/૦૧/૨૦૨૨	જી/૨૬૯/૨૧-૨૨	૫,૮૨,૪૦૦/-
૨૭/૦૧/૨૦૨૨	જી/૨૮૮/૨૧-૨૨	૬,૧૬,૦૦૦/-
૨૫/૦૨/૨૦૨૨	જી/૩૦૮/૨૧-૨૨	૬,૪૯,૬૦૦/-
૦૪/૦૪/૨૦૨૨	એનએફ/૦૧૨/૨૨-૨૩	૭,૯૯,૬૮૦/-
૧૩/૦૪/૨૦૨૨	એનએફ/૦૪૫/૨૨-૨૩	૧,૩૧,૦૪૦/-
૧૬/૦૫/૨૦૨૨	એનએફ/૧૩૦/૨૨-૨૩	૩,૯૬,૪૮૦/-
૨૦/૦૬/૨૦૨૨	એનએફ/૨૨૦/૨૨-૨૩	૨,૧૧,૪૫૬/-
૦૮/૦૭/૨૦૨૨	એનએફ/૨૬૭/૨૨-૨૩	૨,૬૪,૩૨૦/-
૧૭/૦૭/૨૦૨૨	એનએફ/૨૯૪/૨૨-૨૩	૨,૬૮,૮૦૦/-
૨૩/૦૭/૨૦૨૨	એનએફ/૩૧૪/૨૨-૨૩	૧,૪૫,૧૫૨/-
૨૮/૦૭/૨૦૨૨	એનએફ/૩૪૧/૨૨-૨૩	૪,૦૩,૨૦૦/-
૧૨/૦૮/૨૦૨૨	એનએફ/૪૦૬/૨૨-૨૩	૩,૫૪,૮૧૬/-
૨૭/૦૮/૨૦૨૨	એનએફ/૪૬૭/૨૨-૨૩	૮,૪૦,૦૦૦/-
૦૨/૦૯/૨૦૨૨	એનએફ/૪૯૭/૨૨-૨૩	૨,૮૦,૦૦૦/-
૧૯/૦૯/૨૦૨૨	એનએફ/૫૪૫/૨૨-૨૩	૪,૨૦,૦૦૦/-
૧૩/૧૦/૨૦૨૨	એનએફ/૬૩૪/૨૨-૨૩	૧,૪૦,૦૦૦/-
૧૬/૧૦/૨૦૨૨	એનએફ/૬૪૮/૨૨-૨૩	૮૪,૦૦૦/-
૦૩/૧૧/૨૦૨૨	એનએફ/૭૧૨/૨૨-૨૩	૬૩,૦૦૦/-

(૧.૧) વધુમાં કથન કરેલ છે કે, પ્રતિવાદીને જે માલ મોકલાવેલ છે તે સંબંધે કે તેની ગુણવતા સંબંધે કે વ્યવહાર સંબંધે કોઇ તકરાર કે વિવાદ નથી. પ્રતિવાદી નં.૨ થી ૪ નાએ પ્રતિવાદી નં.૧ ની ભાગીદારી પેઢી વતી તેના ભાગીદાર તરીકે છેલ્લે તા.૦૩/૧૧/૨૦૨૨ ના રોજ ખરીદી કરેલી અને તે મુજબનો માલ પ્રતિવાદીઓને મળી ગયેલો તેમજ છેલ્લે તા.૦૩/૦૧/૨૦૨૩ ના રોજ પ્રતિવાદીઓએ રૂા.૨,૦૦,૦૦૦/- ચૂકવેલા, તે મજરે આપ્યા બાદ તે તારીખના રોજથી રૂા.૨૦,૫૭,૨૨૩/- વાદીને કાયદેસર રીતે ચૂકવવાના થાય છે, પરંતુ પ્રતિવાદીઓએ વાદીને સદર રકમ ચૂકવેલ નથી. વાદીએ અવાર નવાર પ્રતિવાદીઓને મૌખિક, રૂબરૂ અને ટેલીફોનીક વિનંતી કરીને રકમ ચૂકવવા જણાવેલ છે અને ઉઘરાણી કરેલ છે, પરંતુ તમામ પ્રતિવાદીઓ સમય પસાર કર્યે જાય છે અને વાદીની લેણી રકમ ચૂકવતા નથી. આ રીતે વાદીની કાયદેસરની લેણી નીકળતી રકમ ન ચૂકવીને પ્રતિવાદીઓ દ્વારા વાદી સાથે ભયંકર છેતરપીંડી, ઠગાઇ અને વિશ્વાસઘાત કરેલ છે. પ્રતિવાદીઓને સર્વે નં.૧૪૮ અને ૧૪૯, સરદાર પટેલ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કુવાડવા વાંકાનેર રોડ રાજકોટ વાળા સરનામા ઉપર તા.૨૬/૧૦/૨૦૨૩ ના રોજ નોટિસ મોકલેલી, જે કંપની બંધ થવાથી પરતના શેરા સાથે પરત ફરેલી. ત્યારબાદ વાદીએ તા.૧૭/૧૧/૨૦૨૩ ના રોજ આ કામે મથાળે જણવેલ સરનામા ઉપર નોટિસ મોકલેલ, જે પ્રતિવાદી નં.૧ થી ૪ ને તા.૨૧/૧૧/૨૦૨૩ ના રોજ બજી ગયેલ. નોટિસ બજી ગયા બાદ પ્રતિવાદીઓએ જણાવેલ કે, તેઓ પાસે તાત્કાલિક પેમેન્ટની સગવડતા થાય તેમ નથી અને રકમની ચૂકવણી કરવા માટે થોડો સમય જોઇએ છીએ. વાદી તથા પ્રતિવાદીઓ બંને વેપારી હોય જેથી મુશ્કેલી સમજીને બને તેટલું વહેલું પેમેન્ટ કરી આપજો તેમ જણાવેલ. ત્યારબાદ પણ પ્રતિવાદીઓએ વાદીની કાયદેસરની લેણી રકમનો ચૂકાદો કરેલ નથી અને સમય પસાર કરી રહેલ છે. તેથી હાલનો દાવો લાવવાનું કાયદેસરનું કારણ ઉત્પન્ન થયેલ છે. વાદી કાયદેસરની લેણી રકમ તથા આ રકમ વસૂલ ન થાય ત્યાં સુધી તેની ઉપર વેપારી શિરસ્તા પ્રમાણે ૧૮% ના દરે વ્યાજની ચડત રકમ પણ વસૂલ મેળવા હકકદાર છે. વાદીએ પ્રિ-મીડીએશન શુલ્ક રૂા.૧,૦૦૦/-

તા.૨૩/૦૪/૨૦૨૫ ના રોજ ભરપાઇ કરી આપેલ અને પ્રતિવાદીઓને પ્રિ-મીડીએશન કેસ નં.૫૪/૨૦૨૫ ના કામની નોટિસ બજી ગયેલ હોવા છતાં પ્રતિવાદીઓ મીડીએશનની પ્રોસેસમાં ઉપસ્થિત રહેલ નથી અને તે અંગેનો રીપોર્ટ ડીસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટી દ્વારા તા.૩૦/૦૬/૨૦૨૫ ના રોજ આપવામાં આવેલ છે. નામદાર અદાલતને વિશાળ સત્તા અને હકૂમત છે અને હાલનો દાવો સમય મર્યાદામાં છે. જેથી હાલનો દાવો લાવી પ્રતિવાદી નં.૧ થી ૪ ના પાસે વાદીની કાયદેસરની લેણી નીકળતી રકમ રૂા.૨૦,૫૭,૨૨૩/- પ્રતિવાદી નં.૧ ની પેઢી તથા પ્રતિવાદી નં.૨ થી ૪ ભાગીદારી પેઢીના ભાગીદાર દરજજે વાદીને સંયુકત અને વિભકત રીતે ચૂકવવા માટે જવાબદાર ઠરે છે તેવું હુકમનામું વાદીના લાભમાં કરી આપવાનો હુકમ ફરમાવવા તથા આ રકમ પ્રતિવાદીઓ પાસેથી તેમજ તેઓની જાત જંગમ મિલકત ઉપરથી વસૂલ મેળવવાનું હુકમનામું વાદીના લાભમાં કરી આપવા તથા દાવા તારીખથી આ રકમ ઉપર ૧૮% ના વેપારી શિરસ્તા પ્રમાણેના વ્યાજ સહિત દાવાના તમામ ખર્ચ સહિત રકમ એકી સાથે વસૂલ લેવા હુકમનામું વાદીના લાભમાં પ્રતિવાદીની વિરૂધ્ધ કરી આપવા તથા દાવાને આનુસંગિક મળી શકતી હરકોઇ યોગ્ય અને અનુરૂપ તમામ દાદ વાદીના લાભમાં પ્રતિવાદી વિરૂધ્ધ હુકમાનમું કરી આપવા દાદ માંગેલ છે.

(૨) દાવાના અનુસંધાને પ્રતિવાદીઓને સમન્સ કરવામાં આવેલ, જે આંક-૭ થી આંક-૧૦ ની વિગતે ધોરણસર બજી જવા છતાં જાતે કે વકીલ મારફત હાજર થયેલ નથી કે કોઇ વાંધા જવાબ રજૂ રાખેલ નથી. જેથી પ્રતિવાદીઓ સામે દાવાનું કામ એકતરફી ચલાવવા આંક-૧ લગત તા.૦૪/૧૧/૨૦૨૫ ના રોજ હુકમ કરવામાં આવેલ છે.

(૩) સદર કામે દાવાના નિર્ણય માટે આંક-૧૧ થી નીચે મુજબના મુદાઓ ઘડવામાં આવેલા છે.

1. Whether the plaintiff proves that the suit has been filed by the authorised person of Nature Foods ?

2. Whether the plaintiff proves that they have supplied Agriculture produce and Seeds and other related products to the defendants amounting to Rs.20,57,223/- which is due ?

3. Whether the plaintiff proves that the defendants failed to pay the bill amount as per terms and condition agreed between them ?

4. Whether the plaintiff is entitled to recover the said amount from the defendants ?

5. Whether the plaintiff is entitled to get interest on the suit amount ? If yes, at what rate ?

6. What is due to the plaintiff ?

7. What order and decree ?

(૪) ઉપરોકત મુદાઓ પરત્વેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદા નં.(૧) : હકારમાં.

મુદા નં.(૨) : હકારમાં.

મુદા નં.(૩) : હકારમાં.

મુદા નં.(૪) : હકારમાં.

મુદા નં.(૫) : હા, વાષિક ૮% ના સાદા વ્યાજ દરે.

મુદા નં.(૬) : રૂા.૨૦,૫૭,૨૨૩/-

મુદા નં.(૭) : આખરી હુકમ મુજબ.

(૫) આંક-૧૧ થી કરવામાં આવેલ મુદા પુરવાર કરવા માટે વાદી દ્વારા નીચે

મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

<u>મૌખિક પુરાવો :</u>

ક્રમ	સાહેદ	આંક
૧.	સન્રી વિક્રમભાઇ દુવાણીનું સરતપાસનું સોગંદનામું.	૧૬

<u>દસ્તાવેજી પુરાવો :</u>

ક્રમ	દસ્તાવેજની વિગત	આંક
૧.	વાદી પેઢીના ભાગીદારી દસ્તાવેજની ખરીનકલ.	૧૮
૨.	વાદી પેઢીના નોંધણીના દાખલાની ખરીનકલ.	૧૯
૩.	વાદીએ પેઢીએ આપેલ કુલ-મુખત્યારનામાની ખરીનકલ.	૨૦
૪.	વાદીએ પેઢીએ આપેલનિમણૂંકના હુકમની ખરીનકલ.	૨૧
૫.	વાદી પેઢીએ પ્રતિવાદી પેઢીને વેચાણ કરેલ માલના ઇનવોઇસ/બીલની ખરીનકલ (કુલ નંગ-૨૪)	૨૨
૬.	વાદી પેઢીની ખાતાવહીની ખરીનકલ.	૨૩
૭.	વાદી દ્રારા પ્રતિવાદી નં.૧ થી ૪ ને મોકલવામાં આવેલી નોટિસના પરત ફરેલ કવર અસલ.	૨૪ થી ૨૭
૮.	વાદીએ પ્રતિવાદીઓને મોકલેલ નોટિસની સ્થળપ્રત.	૨૮
૯.	રજી.એ.ડી.ની પોસ્ટલ વિન્ડો સ્લીપ.	૨૯
૧૦.	નોટિસ મળી ગયાની પોસ્ટલ એકનોલેઝમેન્ટ સ્લીપ.	૩૦
૧૧.	પોસ્ટલ ટ્રેકીંગ રીપોર્ટ.	૩૧ થી ૩૩
૧૨.	નોન-સ્ટાર્ટર રીપોર્ટ.	૩૪
૧૩.	ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૬૩ મુજબનું પ્રમાણપત્ર.	૩૮

વાદી તરફથી આ સ્વિાય અન્ય કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ

કરવામાં આવેલ નથી અને વાદી તરફે વિ.વકીલશ્રીએ તેઓ આ કામે વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું આંક-૩૫ ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે.

(૬) જયારે આ કામે પ્રતિવાદી સામે એકતરફી કામ ચલાવવામાં આવેલ હોય કોઇ પુરાવો રજુ થયેલ નથી.

(૭) આ વાદી વાદીના વિ.વકીલશ્રી બી. એન. ડોડીયાની મૌખિક દલીલો સાંભવામાં આવેલ છે.

-:: નિર્ણય માટેના કારણો ::-

(૮) આ કામે વાદી ધ્વારા દાવામાં કરવામાં આવેલ પક્ષ નિવેદન, રજુ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું વિશ્લેષણ કરતા અગાઉ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧, ૧૦૨ અને ૧૦૩ નો ઉલ્લેખ અત્રે કરવાનું જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

- કલમ-૧૦૧ : સાબિતીનો બોજો :

  જે કોઇ એમ ઇચ્છતા હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારિત કોઇ કાયદેસરના હકક અથવા જવાબદારી વિશે કોઇ બીજું ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે.

  કોઇ વ્યકિત, કોઇ હકીકતનું અસ્તિત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર છે એમ કહેવાય.

- કલમ-૧૦૨ : સાબિતીનો બોજો કોના ઉપર છે :

  બેમાંથી કોઇ પક્ષ તરફથી કશો પુરાવો આપવામાં ન આવ્યો હોય તો જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તો તેના ઉપર દાવા અથવા કાર્યવાહીમાં સાબિતીનો બોજો છે.

- કલમ-૧૦૩૨ : ચોકકસ હકીકત વિશે સાબિતીનો બોજો :

કોઇ ચોકકસ હકીકતનું અસ્તિત્વ હોવાનું ન્યાયાલય માને એમ જે વ્યકિત ઇચ્છતી હોય તેના ઉપર તે હકીકતની સાબિતીનો બોજો છે, સિવાય કે તે હકીકતની સાબિતીનો બોજો કોઇ વ્યકિત ઉપર રહેશે એવી કોઇ કાયદાથી જોગવાઇ કરવામાં આવી હોય.

ઉપરોકત કલમ મુજબ જયારે કોઇ પક્ષકાર એમ ઇચ્છતી હોય કે તેણે કહેલી અથવા રજુ કરેલી કોઇ અસ્તિત્વમાં હકીકત છે, તેની સાબિતી માટે કાયદાની અદાલત કોઇ ફેંસલો કોઇ પક્ષકારની તરફેણમાં આપે ત્યારે તે હકીકત અસ્તિત્વ ધરાવે છે તેવો પુરાવો તે પક્ષકારે આપવો પડે. ઉપરોકત કલમથી જયારે અમુક હકીકત અમુક પક્ષકારની જાણમાં હોય ત્યારે તે હકીકતનું અસ્તિત્વ સાબિત કરવાનો બોજો તે પક્ષકારે પુરવાર કરવો પડે. વધુમાં સદર બાબતે નીચે મુજબની હકીકતની પણ નોંધ લેવી જરૂરી છે.

[a] The general principles of law that can be gainfully culled out from the judicial pronouncements noted above is that the burden of proof cast under Sections 101 and 102 of the Indian Evidence Act, 1872 is the persuasive burden or the onus probandi. The persuasive burden to prove and establish the case always lies upon the plaintiff and the said burden never shifts upon the defendant. What may, however, shift is the onus to lead evidence in the sense that once the plaintiff side succeeds in prima facie establishing his pleaded case by leading evidence, the onus will then shift upon the defendant side to lead evidence so as to disprove the case. The parties may also have to discharge the burden of establishing the admissibility of the evidence by leading evidence in respect thereof. The initial burden to establish the basic allegations made in the plaint constituting the foundational facts, regardless of whether such assertion is couched in the affirmative or in the negative, would undoubtedly lie upon the plaintiff and the failure to discharge the said burden must lead to the dismissal of the suit."

[b] The burden of proof on the pleadings should not be

confused with the burden of adducing evidence.

[c] Pleading is not evidence, far less proof..

[d] The rule that the burden of proving the fact rests on the party who substantially asserts the affirmative issues and not the party who denies it, is not one of the universal applications and there may be exception thereto.

<u>મુદા નં.(૧) થી (૬) :-</u>

(૯) આ કામે મુદા નં.૧ થી ૬ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી તમામ મુદાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

(૧૦) આ કામે વાદી નેચર ફુડઝના નામે ચાલતી ભાગીદારી પેઢીના અધિકૃત મેનેજર કુલ-મુખત્યાર સન્ની વિક્રમભાઇ દુવાણીએ દાવાની હકીકત પુરવાર આંક-૧૬ થી દિવાની કાર્યરીતિ અધિનિયમ, હુકમ-૧૮, નિયમ-૪ મુજબ સરતપાસનું સોગંદનામું રજુ કરી દાવા અરજીની હકીકતોને અનુરૂપ સોગંદ ઉપર હકીકત જણાવેલ હોય પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી ફરી ચર્ચા કરવાનું ઉચિત જણાતું નથી. સદર વાદીની પ્રતિવાદી તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ ન હોય વાદી તરફેની હકીકત બિનપડકારેલી રહેલી છે.

(૧૧) આ કામે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લઇ તેનું મૂલ્યાંકન કરવામાં આવે તો આંક-૧૮ થી વાદી નેચર ફુડસના ભાગીદારી દસ્તાવેજને ધ્યાને લેતા દાવાના મથાળામાં દર્શાવેલ પુજા સન્ની દુવાણી અને રચના વિક્રમભાઇ દુવાણી સદરહુ પેઢીના ભાગીદાર હોવાનું જણાય આવે છે. આંક-૧૯ થી વાદી પેઢીના રજીસ્ટર ઓફ ફર્મ્સને ધ્યાને લેતા નેચર ફુડઝના નામે નોંધાયેલ હોવાનું જણાય આવે છે. આંક-૨૦ ના કુલ-મુખત્યારનામાને ધ્યાને લેતા વાદી પેઢીના ભાગીદારો દ્વારા સન્ની વિક્રમભાઇ દુવાણીને પેઢી વતી કાર્યવાહી કરવા સત્તા આપવામાં આવેલ હોવાનું જણાય

આવે છે. આંક-૨૧ ના પત્રને ધ્યાને લેતા વાદી પેઢી દ્વારા સન્ની વિક્રમભાઇ દુવાણીને ઓથોરાઇઝડ મેનેજર તરીકે નિમણૂંક આપવામાં આવેલ હોવાનું જણાય આવે છે. આંક-૨૨ થી રજૂ થયેલ બીલો જોવામાં આવે તો દાવા અરજીના પેરા-૪ માં જણાવેલ વિગતે તા.૦૫/૦૫/૨૦૨૦ થી તા.૦૩/૧૧/૨૦૨૨ સુધીમાં વાદી પેઢી પાસેથી પ્રતિવાદી પેઢી દ્વારા કૃષિ જણસની ખરીદી કરેલ હોવાનું જણાય આવે છે. આંક-૨૩ થી રજૂ થયેલ લેજર એકાઉન્ટ ધ્યાને લેવામાં આવે તો વાદી પેઢી પાસેથી ખરીદ કરેલ કૃષિ જણસના બીલની રકમ રૂા.૫૪,૪૩,૩૬૭/- સામે પ્રતિવાદીએ રૂા.૩૩,૮૬,૧૪૪/- જમા થયેલ હોવાનું અને તે રકમ બાદ કરતા રૂા.૨૦,૫૭,૨૨૩/- ની રકમ બાકી નીકળતી હોવાનું જણાય આવે છે. આંક-૨૮ ધ્યાને લેવામાં આવે તો વાદીની સદરહુ બાકી નીકળતી રકમ અંગે વકીલ મારફત લીગલ નોટિસ આપવામાં આવેલ, જે આંક-૨૯ ની વિગતે રજી.એ.ડી.થી મોકલાવેલ અને આંક-૩૦ ની પોસ્ટલ એકનોલેઝમેન્ટ અને આંક-૩૧ થી ૩૩ ના પોસ્ટલ ટ્રેકીંગ રીપોર્ટથી પ્રતિવાદીઓને મળી ગયાનું જણાય આવે છે. આંક-૩૪ ધ્યાને લેતા વાદીએ દાવો દાખલ કરતા પહેલા મીડીએશનમાં અરજી કરેલી જેમાં પ્રતિવાદી હાજર રહેલ ન હોવાનું જણાય આવે છે. આંક-૩૮ ધ્યાને લેતા વાદી પેઢીએ રજૂ કરેલ બીલો અને લેજર એકાઉન્ટ સંબંધે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૬૩ મુજબનું પ્રમાણપત્ર આપી દસ્તાવેજોની ગ્રાહયતા અંગે પ્રમાણિત કરેલ હોવાનું જણાય આવે છે.

(૧૨) આમ, ઉપરોકત મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો વાદીના દાવા અરજી આંક-૧ ધ્યાને લેવામાં આવે તો આ કામે વાદી પેઢી વતી પેઢીના અધિકૃત મેનેજર કુલ-મુખત્યાર દ્વારા હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદી પેઢીએ વાદી પેઢી પાસેથી અલગ અલગ સમયે કૃષિ જણસ ખરીદ કરેલ અને તે કૃષિ જણસના બીલ રૂા.૫૪,૪૩,૩૬૭/- પેટે રૂા.૩૩,૮૭,૧૪૪/- ચૂકવેલ જે બાદ કરતા રૂા.૨૦,૫૭,૨૨૩/- બાકી નીકળતા હોવાનું સ્પષ્ટ ફલિત થાય છે. પ્રતિવાદીએ બીલની રકમ ભરપાઇ કરવામાં નિષ્ફળ જતા વાદી તરફથી વકીલ મારફત નોટિસ

આપવામાં આવેલ, જે નોટિસ બજી જવા છતાં રકમ ભરપાઇ ન કરતા દાવામાં જણાવ્યા મુજબની રકમ બાકી નીકળતી હોવાનું અને સદરહુ રકમ વાદી પેઢી પ્રતિવાદી પેઢી પાસેથી વસૂલ મેળવવા હકકદાર હોવાનું ફલિત થાય છે. પ્રતિવાદી દ્વારા છેલ્લે તા.૦૩/૦૧/૨૦૨૩ ના રોજ રૂા.૨,૦૦,૦૦૦/- જમા કરાવેલ છે અને ત્યારબાદ રકમ જમા ન કરાવતા તા.૧૭/૧૧/૨૦૨૩ ના રોજ નોટિસ આપી રકમની માંગણી કરેલ અને નોટિસ મુજબની અમલવારી ન કરતા પ્રિ-ઇન્સ્ટીયુશન કેસ નં.૫૪/૨૦૨૫ દાખલ કરેલ જે તા.૩૦/૦૬/૨૦૨૫ ના નોન સ્ટાર્ટર રીપોર્ટથી નિર્ણિત ન થતા તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ હાલનો દાવો દાખલ કરેલ છે ત્યારે દાવાને સમય મર્યદાના કાયદાનો બાધ નડતો હોવાનું જણાતું નથી. જેથી વાદી પેઢીના અધિકૃત વ્યકિત દ્વારા હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે અને વાદી પેઢી દ્વારા પ્રતિવાદી પેઢીને કૃષિ જણસ મોકલાવવામાં આવેલ અને તે અંગેના બીલો પૈકી અમુક રકમ જમા કરાવેલ અને તે સિવાય રૂા.૨૦,૫૭,૨૨૩/- ની રકમ બાકી નીકળતી હોવાનું અને તે રકમ વાદી પેઢી પ્રતિવાદી પેઢી પાસેથી વસૂલ મેળવવા હકકદાર હોવાનું ફલિત થાય છે. જેથી મુદા નં.૧ થી ૪ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે. જયારે મુદા નં.૫ સંદર્ભે જોવામાં આવે તો વાદીએ લેણી નીકળતી રકમ ઉપર ૧૮% ના વેપારી શિરસ્તા પ્રમાણેના વ્યાજની માંગણી કરેલી છે, પરંતુ વ્યાજ અંગે પક્ષકારો વચ્ચે કોઇ કરાર થયેલ હોવાની હકીકત ફલિત થતી નથી તેમજ લેણી નીકળતી રકમ ઉપર ૧૮% વ્યાજ વસૂલ મેળવવા હકકદાર હોવાની હકીકત વાદી પુરવાર કરી શકેલ નથી. આ તબકકે દિવાની કાર્યરીતિ અધિનિયમની કલમ-૩૪ ધ્યાને લેતા મુદલ રકમ ઉપર દાવાની તારીખથી હુકમનામાની તારીખ સુધી અથવા તો ચૂકવણીની તારીખ સુધીનું વ્યાજ અપાવવાનો કોર્ટ હુકમનામામાં હુકમ કરી શકે છે, જે જોગવાઇ ધ્યાને લેતા વાદીની જે રકમ પ્રતિવાદી પાસે રોકાઇ રહેલ છે, તે રકમ પ્રતિવાદીની કસુરના કારણે રોકાઇ રહેલ છે. જેથી વાદીની દાવાની બાકી લેણી નીકળતી રકમ ઉપર વાર્ષિક ૮% લેખે વ્યાજ અપાવવાનું ન્યાયી અને વ્યાજબી જણાય છે જેથી મુદા નં.૫ નો જવાબ તે રીતે હકારમાં ઠરાવવામાં આવે છે અને વાદીનું રૂા.૨૦,૫૭,૨૨૩/-

નું લેણું બાકી નીકળતું હોય મુદા નં.૬ નો જવાબ તે મુજબ ઠરાવવામાં આવે છે અને મુદા નં.૭ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: આખરી હુકમ ::-

(૧) વાદીનો દાવો આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામે વાદી પેઢી દાવાની બાકી લેણી નીકળતી રકમ રૂા.૨૦,૫૭,૨૨૩/- (અંકે રૂપિયા વીસ લાખ સતાવન હજાર બસ્સો ત્રેવીસ પુરા) દાવા દાખલ તારીખથી રકમ વસૂલ થતા સુધી વાર્ષિક ૮% ના સાદા વ્યાજ દરે આ કામના પ્રતિવાદીઓની સ્થાવર તેમજ જંગમ મિલકત તથા જાત ઉપરથી સંયુકત અને વિભકત રીતે વસૂલ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) દાવા અંગે વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીઓએ ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તારીખ <u>૨૪મી,</u> માહે <u>જુલાઇ,</u> સને <u>૨૦૨૬</u> ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૨૪/૦૭/૨૦૨૬.

(અવિનાશ કમલભાઇ ભટ્ટ)
જજ (કોમર્શિયલ કોર્ટ) અને
મુખ્ય સિનિયર સિવિલ જજ,
જૂનાગઢ. (GJ-00862)